Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science
ISSN: 2279 - 0241

Continuous issue-20 | Dec 2015– Jan 2016

# માનવઅધિકારો

આદિકાળથી માનવીની જીવનયાત્રા પરિવર્તનશીલ રહી છે. માનવ જીવનના વિકાસના દરેક તબક્કામાં મનુષ્યમાં સામાજિક, માનસિક, અને વૈચારિક પરિવર્તનો આવતાં રહ્યાં છે. **ચાર્લ્સ ડાર્વિને** પણ પોતાના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતમાં માનવીના જીવનમાં વિવિધ તબક્કા દરમિયાન આવતા પરીવર્તનની ચર્ચા કરી છે. આમ, માનવજીવન એ પરીવર્તનનો અવિરત પ્રવાહ છે. આ પ્રવાહમાં માનવીમાં સભ્યતા અને સંસ્કૃતિના ગુણોનો વિકાસ થયો છે અને ભટકતું જીવન છોડીને તે સમાજ અને રાષ્ટ્રના રૂપમાં પણ સંગઠિત થયો છે. ધીમે ધીમે આ સંગઠન રાજયમાં રૂપાંતર પામ્યું. કાળક્રમે રાજ્ય સર્વોપરી બન્યું, આ સર્વોપરિતાને કારણે તે પ્રજા પર શાસન કરવા લાગ્યું અને સાથે સાથે શોષણ પણ કરવા લાગ્યું. રાજ્ય એટલું બધુ શક્તિશાળી બની ગયું કે  બીજાઓને આદેશ આપવા માટે પણ કોઈ તેને આદેશ કરી શકે નહીં તેવી સ્થિતિ સર્જાઈ. પરિણામે રાજ્યશાસનથી માનવીના કેટલાક અધિકારોના રક્ષણની જરૂરિયાત ઊભી થઈ. માનવી બુદ્ધિશાળી અને વિકાસશીલ પ્રાણી હોવાથી તેના જન્મજાત કેટલાક અધિકારો હોય છે. આ અધિકારો સિવાય માનવીનું અસ્તિત્વ જોખમમાં મુકાય છે. માણસ એક માણસ તરીકે જીવન જીવી શકે એટલા માટે આ અધિકારોનો ભોગવટો કરવો આવશ્યક છે. માનવઅધિકારોનો વિચાર સભ્યતા અને સંસ્કૃતિ સાથે સંબંધિત છે. સભ્યતાના વિકાસની સાથોસાથ મનુષ્ય પોતાના અધિકારોથી સભાન બન્યો. વ્યક્તિથી કુટુંબ અને કુટુંબથી સમાજ સુધીની યાત્રામાં કુદરતી તેમજ પ્રાકૃતિક અધિકારોના વિચારોએ જન્મ લીધો. સભ્યતા અને સંસ્કૃતિની ચિંતનધારામાં માનવીની અસ્મિતા, માનવીય ગરિમાની સર્વોચ્ચતા, માનવીય પ્રતિષ્ઠાની અપરિહાર્યતા અને માનવીના સાર્વત્રિક વિકાસનો ભાવ પેદા થયો. આ વિશ્વવ્યાપી  અને સાર્વભૌમિક અવધારણામાં દેશ અને સમાજના પરિપ્રેક્ષ્યમાં અધિકારોના વિભિન્ન સંદર્ભો અને પરિણામો પણ દ્રષ્ટિગોચર  થયા.

ભારતીય બંધારણના અનુચ્છેદ-૧૪માં સમાનતાનો સિદ્ધાંત સ્વીકૃત બન્યો છે, અને અનુચ્છેદ-૧૫માં પણ સ્પષ્ટપણે ઠરાવવામાં આવ્યું છે કે ધર્મ, જ્ઞાતિ, જન્મસ્થળ કે લિંગના કારણસર રાજ્ય કોઇની સાથે ભેદભાવ કરશે નહીં. માનવઅધિકારોમાં એક તો નાગરિક અને રાજકીય અધિકારો અને બીજા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે. આ અધિકારો મહિલાઓ, પુરુષો અને બાળકો એમ તમામ મનુષ્યોને પ્રાપ્ત કરવાનો અધિકાર છે. આ બધા અધિકારોનું મૂળ માનવ ગૌરવ છે. માનવધિકારો તે માનવીને તે સ્ત્રી હોય કે પુરુષ તેને એક મોભો, એક દરજ્જો બક્ષે છે. તેમની સાથે એક માનવી તરીકે વ્યવહાર થવો જોઇએ તે તેની કેંદ્રવર્તી બાબત છે. માનવીય મૂલ્યો અને માનવીય ગરિમા તેમાં કેન્દ્રસ્થાને છે. દરેક વ્યક્તિને પોતાના મૂળ અધિકારોનો ઉપયોગ

કરવાનો તથા સંરક્ષણ મેળવવાનો અધિકાર છે. દેશમાં જેટલા પણ આંદોલનો થયા છે તેનો સીધો સંબંધ માનવઅધિકારો સાથે હતો. આજે માનવજાતિ સામે સૌથી મોટી સમસ્યા સન્માનપૂર્વક જીવન જીવવાની છે. દરેક પળે લોકોને અસુરક્ષાના પ્રશ્નો છે. માનવ અધિકારો વિશેની આજ્ઞાનતાના કારણે માનવીનું જીવન સમસ્યાઓની જાળમાં કેદ થયેલું જણાય છે.

## માનવઅધિકારોનો અર્થ:-

માનવઅધિકારો એ એવા અધિકારો છે કે જેને દરેક મનુષ્ય પ્રાપ્ત કરવાનો જન્મસિદ્ધ અધિકાર ધરાવે છે. આ અધિકારો પાછળનો ગર્ભિત ખ્યાલ એ છે કે તમામ સ્ત્રીઓ, પુરુષો, બાળકોને આ આધિકારો જન્મથી જ પ્રાપ્ય છે. દરેક સમાજ અને સંસ્કૃતિમાં આ અધિકારો એક યા બીજી રીતે અસ્તિત્વ ધરાવે છે. અંગ્રેજી શબ્દ “RIGHT”ના સમાનાર્થી શબ્દો અન્ય ભાષામાં પણ મળી આવે છે. તેના બે કેન્દ્રબિંદુઓ છે એક નૈતિક દ્રષ્ટિએ સદાચાર(rectitude)અને બીજું રાજકીય દ્રષ્ટિએ અધિકાર.સદાચારની દ્રષ્ટિએ જોઈએ તો સારા કાર્યો કરવા માટે સારો વ્યવહાર કરવો, સંકુચિત અર્થમાં અધિકાર એટલે લાક્ષણિક દ્રષ્ટિએ કોઈને અધિકાર આપવો. સદાચાર અને અધિકાર એ બન્ને એક સિક્કાની બે બાજુની જેમ હક અને ફરજ સાથે જોડાયેલા છે. સૌથી મોટી વાત એ છે કે અધિકાર સાર્વભૌમ છે. આ સંદર્ભે **જેકવીજ મેરિટેનનો** સંદર્ભ ધ્યાન ખેંચે છે. મેરિટેનન મુજબ “માણસને એટલા માટે હક મળે છે કારણ કે તે માણસ છે.” માણસ એક પૂર્ણ એકમ છે, પોતાનો અને પોતાના કાર્યોનો સ્વામિ છે, કોઈ પણ સાધનને સિદ્ધ કરવાનું તે કેવળ સાધન નથી પણ પોતે જ એક સાધ્ય છે, માનવનું ગૌરવ શું? આ અભિવ્યક્તિનો અર્થ ત્યાં સુધી ના થઈ શકે જ્યાં સુધી એમાંથી એ સ્પષ્ટના થાય કે પ્રાકૃતિક કાયદા પ્રમાણે માણસને ગૌરવ પ્રાપ્ત કરવાનો અધિકાર(હક) મળેલો છે.

માણસનું સર્જન ઈશ્વરની એક અદભૂત યોજનાનો ચમત્કાર છે. માણસનું સર્જન ઈશ્વરે પોતાની પ્રતિકૃતિરૂપ કરેલું છે. ઈશ્વરે મનુષ્યને સૃષ્ટિ સોંપી ત્યારે તેનો ભોગવટો અને રક્ષણની જવાબદારી પણ સોંપી હતી. સદીઓથી માણસોમાં પણ માણસો પર સત્તા જમાવવાની યોજનાઓ ઘડાતી રહી છે અને અમલી પણ બનતી રહી છે. માણસ પોતાના અધિકારો માટે માણસ સામે જ લડતો રહ્યો છે. અને તેમાંથી જ માનવઅધિકારો એ શબ્દ પ્રયોજાયો અને વ્યાખ્યાયિત થયો. માનવઅધિકારોના સંદર્ભમાં અલગ અલગ વિચારકો દ્વારા અલગ અલગ વિચારો રજૂ થવા લાગ્યા અને માનવઅધિકારો એ શબ્દને મઠારી તેને એક બંધારણમાં બાંધવામાં આવ્યો. આ માટે વિવિધ વિદ્વાનોએ પ્રયાસ કર્યો છે. તેમના આ પ્રયાસના ફળસ્વરૂપે માનવઅધિકારોની વિવિધ વ્યાખ્યાઓ ઉદ્દભવી. આવી કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ આપી છે.

### વ્યાખ્યાઓ

- **આર.એસ.પાઠક** મુજબ “માનવઅધિકારો સર્વાંગી એકતાના અધિકારો છે.”

- **રાજકીય શબ્દકોશમાં** માનવઅધિકારોને આ અર્થમાં વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા છે, "માનવધિકારો એટલે સરકારોની મનસ્વી દખલગીરી કે નિયંત્રણ સામે સ્વતંત્રતા."
- **માનવઅધિકાર સંરક્ષણ અધિનિયમ-1993 મુજબ** "માનવઅધિકારો એટલે ભારતીય બંધારણે ખાતરી આપેલ અથવા આંતરરાષ્ટ્રીય કરારોના જણાવેલા અને ભારતની અદાલતો દ્વારા અમલી કરાવી શકાય તેવા વ્યક્તિના જીવન, સ્વતંત્રતા સમાનતા અને ગૌરવ સંબંધી અધિકારો."
- **વી.એમ.તારાકુંડ** સીધી અને સમજાય તેવી વ્યવહારુ ભાષામાં માનવઅધિકારો વિશે જણાવે છે કે, "સામાજિક જીવનમાં બધાં જ ક્ષેત્રોમાં સામાન્ય રીતે ઉપયોગી એવા અધિકારો એટલે માનવઅધિકારો."

આમ,માનવધિકારોની આ ઉપરાંત પણ વિવિધ વ્યાખ્યાઓ વિવિધ વિદ્વાનો એ આપી છે. જેમાં **સી.નાસીમાં, પ્રો.લેસ્કિ, ડી.ડી.બાસુ, વેલસે.હોફેલ્ડ, ન્યાયમૂર્તિબેંગ, માર્કેકોરી** જેવા વિદ્વાનોનો સમાવેશ થાય છે. વિવિધ વ્યાખ્યાઓને નિચોડતા જણાય છે કે "માનવધિકારો એટલે માણસના ગૌરવની જાળવણી અને રક્ષણની વ્યવસ્થા ધરાવતા અધિકારોનો સમૂહ."

**માનવધિકારોનો ખ્યાલ અને ઉદ્દભવ**

સમયના પ્રવાહની સાથે સાથે માનવીની જીવનશૈલી બદલાતી ગઈ. બદલાતી જીવનશૈલીના કારણે માનવીના કેટલાક અધિકારોના રક્ષણની આવશ્યકતા ઊભી થઈ. આ આવશ્યકતાની પૂર્તિ માટે વિશ્વના જુદા જુદા ભાગોમાં કેટલાક આંદોલનો ચાલ્યા, પરિણામે માનવઅધિકારોનો ખ્યાલ વિકાસ પામ્યો. માનવઅધિકારોનો ખ્યાલ એ નવી બાબત નથી વૈદિકયુગથી જ માનવઅધિકારો અસ્તિત્વ ધરાવે છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ જોઇયે તો માનવઅધિકાર (Human Rights)નો ખ્યાલ ઇતિહાસના જુદા જુદા તબક્કાઓ દ્વારા વિકાસ પામ્યો છે. માનવ અધિકારોનો પ્રાથમિક હેતુ રાજ્યની જુલ્મશાહી સત્તા પર મર્યાદા મૂકવાનો હતો.ઇ.સ. 1689માં "બિલ ઓફ રાઇટ્સ"થી તમામ નાગરિકોને હકદાર બનાવતા કેટલાક સ્વાતંત્ર્યો જાહેર કરાયા હતા. ઇ.સ.1176માં અમેરિકન પ્રજાએ પણ પોતાના સ્વાતંત્ર્યની જાહેરાતમાં કેટલાક અપરિવર્તનીય માનવઅધિકારો જાહેર કર્યા હતા. ફ્રેંચક્રાંતિ બાદ ફ્રાંસમાં માનવઅધિકારોની જાહેરાતમાં જણાવાયું છે કે "માનવો મુક્ત જન્મે છે, મુક્ત રહે છે અને અધિકારોમાં સમાન છે." પરંપરાથી જે નૈસર્ગિક હક કહેવાતા અને ખૂબ જ ઉત્સાહમાં આવી જઈને કહીએ તો જે વ્યક્તિના હક ના નામે ઓળખાતા તે વીસમી સદીમાં માનવ હક કહેવાયા. આ હકો વિષે કહેવાયું તો ઘણું છે છતાં આજે પણ એમ થયા કરે છે કે આ હકો ખરેખર છે શું? ઇ.સ.1689ની ગૌરવવંતી ક્રાંતિ પછી ઈંગ્લેંડની પાર્લામેન્ટે હકો માટેનું વિધાયક પસાર કર્યું તેને **"જયુરી દ્વારા મુકદમાની સુનવણીનોઅધિકાર"** પણ કહેવામા આવે છે.

કાયદાકીય રીતે માનવઅધિકારોનો ખ્યાલ સૌપ્રથમ બ્રિટન, ફ્રાંસ અને ડેન્માર્કના ગુલામી નાબૂદીના કાયદાઓમાં વ્યક્ત થયો હતો. મનુષ્યોના મૂળ અધિકારોની અભિવ્યક્તિ અનેક રાજયોની ઘોષણાઓ અને

સંવિધાનોમાં પણ થઈ છે. જેમ કે વર્જિનિયા બિલ ઓફ રાઈટ્સ-1976, સ્વીડન-1809, સ્પેન-1812, નૉર્વે-1824, તથા 1824માં સ્વિટઝરલેન્ડમાં મનુષયોના મૂળ અધિકારો માટે ઘોષણા કરવામાં આવી હતી. આમ, માનવઅધિકારોની વિશ્વસ્તર પર નોંધપાત્ર ઘોષણાઓ થઈ હતી.

માનવઅધિકારોના આંદોલનનો જન્મ બીજા વિશ્વયુદ્ધ (1939-1945)ના અનુભવના પરિણામ સ્વરૂપે થયો હતો. આ સમયે યુદ્ધ દરમિયાન માનવતા સામે અનેક અપરાધો કરવામાં આવતા તથા માનવીય મૂલ્યો અને માનવીય ગરિમાની અવહેલના કરવામાં આવી હતી. આ સમયે એવો અનુભવ થયો કે વ્યક્તિની સ્વતંત્રતા તથા અધિકારોનો સંબંધ આંતરરાષ્ટ્રીય શાંતિ તથા સુરક્ષા છે. જેના માટે માણસને તેમના મૂળ અધિકારો આપવા આવશ્યક છે. 6ઠ્ઠી જાન્યુઆરી 1941માં અમેરિકન રાષ્ટ્રપતિ ફ્રેકલિંક રૂઝવેલ્ટે પોતાની ઘોષણામાં ઉપરોક્ત વિચાર રજૂ કર્યો હતો. ડંબર્ટનઓક્સ (7,ઑક્ટોબર,1944)માં સોવિયેત સંઘ, અમેરિકા, બ્રિટન તથા ચીનના પ્રતિનિધિઓની બેઠક થઈ. આ બેઠકના પ્રસ્તાવમાં મહાસભા તથા આર્થિક તેમજ સામાજિક પરિષદે માનવઅધિકારોના રક્ષણ સંબંધિત ક્રિયાન્વય કરવાની વાત કરી. વિશ્વ માનવઅધિકારોનું વર્તમાન સ્વરૂપ 24,ઓક્ટોમ્બર 1945માં સંયુક્ત રાષ્ટ્રસંઘ સાથે થયું.

માનવઅધિકારોનો ખ્યાલ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભાગ છે. આ ખ્યાલે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું છે. કારણ કે માનવઅધિકારોનો ખ્યાલ દેશના સિમાડાઓના બંધન વગર તમામ દેશોમાં સ્વીકૃત બન્યો છે. દરેક માનવના વિકાસ અર્થે દરેક દેશે આ ખ્યાલોનો સ્વીકાર કરવો જોઇએ આવો વિચાર આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વસ્વીકૃત બન્યો છે. આથી **યુનાઈટેડ નેસન્સે (યુનો) 10મી ડિસેમ્બર 1948ના રોજ માનવઅધિકારોના વિશ્વવ્યાપી ઘોષણપત્રની જાહેરાત કરી હતી.** ઘોષણા પક્ષમાં 48 દેશોએ મત આપ્યો હતો 8 દેશોએ મતદાનમા ભાગ લીધો ન હતો અને તેમના વિરુદ્ધમાં કોઈ મત પડ્યા ન હતા. આમ, માનવઅધિકારોનો ઉદ્દભવ થયો. માનવઆધિકારોની જોગવાઈ કરતાં જુદાજુદા 20 દસ્તાવેજો, કરારો, સમજૂતીઓ કે ઘોષણપત્રોમાં માનવીના આર્થિક, સામાજિક, રાજકીય, નાગરિક, સંસ્કાર વિષયક અને વિકાસલક્ષી એમ વિવિધ અધિકારો વિશે જોગવાઇઓ કરવામાં આવી હતી. દુનિયાના 120 દેશોએ 10મી ડિસેમ્બરને 'માનવ અધિકાર દિન'ના સ્વરૂપમાં ઉજવવાની અનુમતિ આપી હતી.

યુનોએ ઘોષિત કરેલા માનવ અધિકારોની મોટામાં મોટી ખામી હોય તો તેના અમલની છે. જે તે દેશના બંધારણ કે કાયદાથી માનવઅધિકાર ભંગના ઉપાયોની જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી આ અધિકારોનો અમલ શક્ય નથી. 21મી સદીના સમગ્ર વિશ્વના માનવ સમાજ માટે અને ખાસ કરીને ત્રીજા વિશ્વના એક વિકસતા દેશ તરીકે ભારત દેશમાં માનવઅધિકારો સંદર્ભે અનેક વ્યાપક અને ગંભીર પ્રશ્નો –પડકારો વિદ્યમાન છે.આવા સંજોગોમાં આપણે ત્યાં લોકશાહી સિદ્ધાંત અને માનવમૂલ્યો માટે નાગરિકો તથા વિવિધ ક્ષેત્રોના કાર્યકરોની તાલીમનું કાર્ય હજી માંડ માંડ પાપા પગલી ભરી રહ્યું છે. આવા સંજોગોમાં માનવ અધિકારો વિશેની સમયોચિત જાણકારી દરેક નાગરિક પાસે હોય તે અત્યંત જરૂરી બાબત છે.

સંદર્ભ:-


1. 'માનવ અધિકારો', એ.એન.કારીઆ, સી.જમનાદાસની કંપની
2. 'માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય કાયદો', શ્રી વિશાલ આચાર્ય, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય.
3. 'ભારતનું બંધારણ અને કાયદો પુસ્તિકા-1', શ્રી યોગક્ષેમ માનવગૌરવ સંસ્થાન,2003.
4. The International Human Rights Movement A History, Aryeh Neier, Princeton University Press, Princetone,2012
5. Hindi-essay,blogspot.com/9 Dec./2013.(goggle)
6. http://en.wikipedia.org/wiki/typesofhumanrights
7. www.humanrights.gov.au
8. www.gutenberg.org/ the declaration of human rights
9. www.ebooks .org/the theory of human rights.


*****************************************************************


ચૌહાણ મહેશકુમાર વિજયસિંહ

એમ.ફિલ

મુ.પો.બેઢીયા ,તા-કાલોલ,જિલ્લો-પંચમહાલ,

પીનકોડ-૩૮૯૩૧૦


Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat